# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-06-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે સાંજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક મળશે. બેઠકમાં રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષયો પર સમીક્ષા થશે જેમાં શાળા પ્રવેશોત્સવ, કૃષિ મહોત્સવ સહિતના કાર્યક્રમ પર ચર્ચા થશે. બેઠક દરમિયાન સિંચાઈ અને પીવાના પાણી, કૃષિ વાવેતર, ખાતરની માગ સહિતની બાબતો પર પણ ચર્ચા થવાની શક્યતા છે.

# OUTREACH PROGRAMME

છેલ્લા દાયકામાં ગુજરાતે લગભગ 110 અબજ યુએસ ડોલરની નિકાસ કરી છે. વિશેષ આર્થિક ક્ષેત્રના 12 વર્ષના પ્રદર્શન પર ધ્યાન કેન્દ્રિત કરતા અમદાવાદમાં એક આઉટરીચ કાર્યક્રમને સંબોધતા, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના અધિક સચિવ, અજય ભાદુએ ભાર મૂક્યો કે છેલ્લા 10 વર્ષમાં ભારતની કુલ નિકાસ બમણી થઈને આશરે 863 અબજ યુએસ ડોલર સુધી પહોંચી છે.

પ્રાદેશિક નિકાસ વૃદ્ધિ પર, ઝોનલ ડેવલપમેન્ટ કમિશનર, જ્ઞાનેશ્વર પાટીલે જણાવ્યું હતું કે 2014-15 અને 2025-26 વચ્ચે ગુજરાતમાંથી SEZ નિકાસમાં લગભગ 67 ટકાનો વધારો થયો છે. તેમણે માહિતી આપી હતી કે આ ઝોને અર્થતંત્રમાં ત્રણ લાખ સાતસો ત્રાણુ કરોડ રૂપિયાથી વધુનું યોગદાન આપ્યું છે અને 2.22 લાખથી વધુ નોકરીઓનું સર્જન કર્યું છે

# SANGHVI COAST GUARD

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગરના છ-4 નજીક ભારતીય તટરક્ષકની થીમ પર બનેલા સર્કલનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે દરિયાઈ સુરક્ષા અને માદક પદાર્થ પકડવામાં તટરક્ષકની કામગીરીને બિરદાવી. શ્રી સંઘવીએ રાજ્યના નાગરિકો વતી તટરક્ષકનો આભાર માન્યો.

# VADODARA ROAD ACCIDENT

વડોદરામાં એક ટ્રક અને ખાનગી ટ્રાવેલર્સની બસ વચ્ચેના અકસ્માતમાં નવ વર્ષના એક બાળક સહિત છ લોકોના મોત થયાના અહેવાલ છે. જ્યારે 27 જેટલા લોકો ઇજાગ્રસ્ત થતાં તેમને SSG હૉસ્પિટલ ખસેડાયા છે.

મળતી માહિતી મુજબ, રાજસ્થાનના બસવાડાથી સુરત જતી બસ અને રોડ પર ઉભેલી ટ્રક વચ્ચે કોટંબી સ્ટેડિયમ પાસે વહેલી સવારે ચાર વાગ્યાની આસપાસ ટક્કર થતા આ અકસ્માત સર્જાયો હતો. SDRF, NDRF, પોલીસ અને વડોદરા અગ્નિશમન દળની ટીમે ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા.

# KACHCHH BHUKAMP

કચ્છમાં આજે બપોરે 12.39 વાગ્યે ભૂકંપના હળવા આંચકાઓ અનુભવાયા. રેક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 3.2 માપવામાં આવી છે. જ્યારે તેનું કેન્દ્ર બિન્દુ ભચાઉથી 11 કિલોમીટર દૂર નોંધાયું હોવાનું ગાંધીનગરની ભૂકંપશાસ્ત્રીય સંશોધન સંસ્થા દ્વારા જણાવાયું છે.

# GOV 12 YEARS

ગાંધીનગરમાં રાષ્ટ્ર નિર્માણ, સુશાસન અને કુશળ વહીવટના સફળ અને ગૌરવશાળી 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' અંતર્ગત આગામી 19 થી 21 જૂન દરમિયાન પ્રદર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થશે. ગાંધીનગરના સરિતા ઉદ્યાન પાસે આવેલા 'સંસ્કૃતિ કુંજ' પરીસરમાં સાંજે 6 થી રાત્રે 10 વાગ્યા સુધી ત્રિ-દિવસીય મહોત્સવમાં રાષ્ટ્રના વિકાસની ઝાંખી સાથે સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળશે. આ કાર્યક્રમમાં વિવિધ ખ્યાતનામ કલાકારો તેમની કલા પ્રસ્તુતિ કરશે.

વિકસિત ભારત@2047 માટે વિકસિત ગુજરાતના સંકલ્પ સાથે ગાંધીનગર જિલ્લામાં ‘પ્રગતિપથ યાત્રા' યોજાઈ. જેમાં મહાનુભાવો, ખેડૂતો અને વિદ્યાર્થીઓને જિલ્લાનાં વિકાસ કાર્યો, આધુનિક શિક્ષણ પ્રણાલી, તકનીકી સંસ્થાઓ અને ઐતિહાસિક ધરોહરોની ઝાંખી કરાવાઈ.

વિકસિત ભારત સંકલ્પ સંમેલન અંતર્ગત અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના શેર ગામ ખાતે પ્રાકૃતિક કૃષિ કાર્યશાળામાં ધારાસભ્ય હાર્દિક પટેલની ઉપસ્થિતિમાં 'ખેત બચાવો અભિયાન' અંતર્ગત સંકલ્પ કાર્યક્રમ યોજાયો.

સુરેન્દ્રનગરના સણોસરા ગામે જનકલ્યાણ શિબિરનું આયોજન કરાયું. આ શિબિરમાં નાયબ કલેક્ટર ચોટીલા એચ.ટી. મકવાણા અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

# ARVALLI LCB

અરવલ્લી જિલ્લા સ્થાનિક ગુના શાખાએ 49 જેટલા ગુનામાં સંડોવાયેલા આરોપીને મહારાષ્ટ્રથી પકડી પાડ્યો છે. આરોપીએ અરવલ્લી ઉપરાંત મહીસાગર, ભાવનગર, અમદાવાદ ગ્રામ્ય વિસ્તારની દુકાનોમાં પણ ચોરીની કબુલાત કરી હોવાનું જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ જણાવ્યું.

(બાઈટ : મનોહરસિંહ જાડેજા, SP)

# GIR SOMNATH YOGA DAY

ગીર-સોમનાથના કલેક્ટર જિતેન્દ્રસિંહ વાઘેલાએ આગામી 21 તારીખે સોમનાથ પરિસરમાં જિલ્લા કક્ષાના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી માટેની તૈયારીઓની સમીક્ષા કરી. જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી બેઠકમાં તેમણે આઇકૉનિક પ્લેસ અને તીર્થસ્થળ સોમનાથ સહિત તાલુકા કક્ષાના સ્થળ પર ઉજવણી થાય અને તેમાં મોટી સંખ્યામાં લોકો જોડાય તેવું આયોજન કરવા જણાવ્યું.

કલેક્ટરે રાજ્ય ક્ક્ષાના યોગ દિવસના પ્રસારણ માટે કનેક્ટિવિટી, કાર્યક્રમને અનુરૂપ બેકડ્રોપ, યોગ ટિચર દ્વાર યોગ નિદર્શન, બેરિકેડિંગ સહિતની વ્યવસ્થાઓ યોગ્ય રીતે ગોઠવવા તે માટે અધિકારીઓને સૂચના આપી.